# સુઘડમાં સ્ટીલના વેપારી સાથે ૨૭ લાખની છેતરપીંડી

## અમદાવાદની શિવ મેટલ ઈન્ડસ્ટ્રીઝનાં માલિક બાપ-દિકરાએ સ્ટીલનો માલ લઈ ચેક આપ્યા બાદ એક વર્ષ પછી પણ રૂપિયા ન આપ્યા : પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક સ્થિક સુઘડ ખાતે રહેલા સ્ટીલનાં વેપારી પાસેથી એક વર્ષ અગાઉ અમદાવાદના શિવ મેટલ ઈન્ડસ્ટ્રીરીઝના માલિકે રૂ. ૨૭ લાખ નો માલ ખરીદીને તેની પેમેન્ટ સિકયુરીટી પેટે ચેક આપ્યો હતો. એક વર્ષ થઈ જવા ચતાં ઈન્ડસ્ટ્રીઝના માલિક બાપ-દિકરાએ રૂપિયા ન ચુકવી રૂ. ૨૭ લાખનો ચુનો સ્ટીલના વેપારીને ચોપડી દેતા અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થવા પામ્યો છે. અડાલજ પીએસઆઈ ટી.બી. રાઠોડે છેતરપીંડી-વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ હાઈકોર્ટ સામેના વિસ્તારમાં રહેતા અને શિવ મેટલ ઈન્ડસ્ટ્રીઝના માલિક બાપ-દિકરા રતિલાલ લવજીભાઈ પટેલ અને ચંદ્રકાન્ત રતિલાલ પટેલે એક વર્ષ અગાઉ ૩જી મે ૨૦૧૪ના રોજ ગાંધીનગર નજીક સુખડ ખાતે સ્થિત સત્યમેવ છાવણીમાં રહેતા સ્ટીલના વેપારી કુલદીભાઈ વસંતકુમાર વ્યાસ પાસેથી તેમને ધંધાકીય વિશ્વાસમાં લઈ ૫૪.૩૮ મેટ્રીક ટન સ્ટીલનો માલ ખરીદ્યો હતો. રૂ.૨૬,૯૭,૦૨૨ની કિંમતના સ્ટીલના આ માલ પેટે સિકયુરીટીમાં એક ચેક આપ્યો હતો. એક વર્ષ થઈ ગયા બાદ પણ હજુ સુધી રૂ. ૨૭ લાખ સ્ટીલના વેપારીને આપ્યા નથી. અંતે કુલદીપભાઈ વ્યાસે અડાલજ પોલીસ મથકમાં બંને બાપ-દિકરા સામે ફરિયાદ આપતા પીએસઆઈ ટી.બી. રાઠોડે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## ભાજપના અગ્રણી કાર્યકર પ્રતાપજી ઠાકોરનાં ફાર્મ હાઉસમાં તોડફોડ

### કલોલ સનાવડ સ્થિત આતાજી ફાર્મ હાઉસમાં ત્રાટકેલા ચાર શખ્સ એક મોપેડ પણ સળગાવી ગયા

ગાંધીનગર, તા.૩

જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત સનાવડ ગામમાં ભાજપના અગ્રણી કાર્યકર પ્રતાપજી આતાજી ઠાકોરના ફાર્મ હાઉસમાં ચાર અજાણ્યા શખ્સોએ તોડફોડ કરીને એક મોપેડને સળગાવી દેતા ચકચાર મચી જવા પામી છે. પ્રતાપજીના સિકયુરીટી ગાર્ડની ફરિયાદને આધારે સાંજે પોલીસે ગુનો દાખલ કરી એફએસએલની મદદથી ઊંડી તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલોલ તાલુકાના સનાવડ ગામમાં ભાજપના અગ્રણી કાર્યકર પ્રતાપજી આતાજી ઠાકોરનું ફાર્મ હાઉસ છે. જયાં અગાઉ પોલીસે દરોડો પાડીને શરાબ-શબાબની પાર્ટી માં દરોડો પાડયો હતો. આ ફાર્મ હાઉસમાં ચાર અજાણ્યા શખ્સોએ ગેરકાયદે પ્રવેશ કરીને બોર્ડ તથા લાઈટના લેમ્પ તોડી ફોડી નાંખી ફાર્મ હાઉસમાં પડેલું એક મોપેડ સળગાવી નાંખ્યું હતું. આ બનાવ અંગે ફાર્મ હાઉસના સિકયુરીટી ગાર્ડની ફરીયાદને આધારે સાંતેજ પોલીસે ગુનો દાખલ કર્યો છે. ફાર્મ હાઉસમાં તોડફોડ અને આગચંપીનું કારણ તથા કૃત્ય કરી જનાર શખ્સો અંગે હજુ પણ રહસ્ય છે જો કે ગાંધીનગર એફએસએલને બોલાવી વૈજ્ઞાનિક ઢબે સાંતેજ પીએસઆઈ ખાંટ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે.

## બોમ્બ બ્લાસ્ટમાં તપાસ કરવાની તાલીમ બિહાર ATS ગાંધીનગરમાં લેશે

### ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં પાંચ દિવસ સુધીની તાલીમ : બ્લાસ્ટની તપાસમાં ધ્યાને રાખવા જેવા મુદ્દાઓ અંગે પ્રેક્ટીકલ અને થિયરીકલ જ્ઞાન અપાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બિહાર એન્ટી ટેરેરીસ્ટ સ્કવોર્ડ (ATS)ની ટીમ બોમ્બ બ્લાસ્ટમાં તપાસ કેવી રીતે કરવી અને કયા કયા મુદ્દાઓને ખાસ ધ્યાનમાં રાખી પુરાવાઓ એકત્ર કરવા તે સહિતની તાલીમ લેશે. પાંચ દિવસની તાલીમ શિબિરમાં ગાંધીનગર ખાતે ફોરેસેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં પ્રેક્ટીકલ અને થિયરીકલ જ્ઞાન બિહાર એટીએસની ટીમને આપવામાં આવશે.

દેશની નંબર-૧ કહેવાતી ગાંધીનગર એફએસએલમાં ગુજરાત બહારના તમામ રાજ્યોમાંથી પણ હાઈપ્રોફાઈલ કેસ ઉપરાંત અટપટ્ટા કેસોની વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા અધિકારીઓની ટીમ આવતી હોય છે. કેટલાક વિચિત્ર ગુનાઓમાં તપાસ કેવી રીતે કરવી તથા સાયન્ટીફીક પુરાવાઓ કેવી રીતે એકત્ર કરવા તે સહિતની બાબતો પર જો ધ્યાન ન અપાય તો આરોપી સહેલાઈથી છુટી જવાની સંભાવના રહેલી છે. તો ક્યારેક આ બાબતોને કારણે ડીટેક્શન પણ અશકય બને તેમાં બે મત નથી. બોમ્બ બ્લાસ્ટ કેસમાં પણ તપાસ માટે કેટલીક મહત્વની બાબતો ધ્યાને લેવી જરૂરી હોય છે. જે અંગે બિહાર એટીએસની પી.આઈ. કક્ષાના અધિકારીઓની ટીમ ગાંધીનગર આવનાર છે. આવતીકાલથી બિહાર એ.ટી.એસ. ટીમની ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી કાતે 'પોસ્ટ બ્લાસ્ટ ઈન્વેસ્ટીગેશન' વિષય પર પાંચ દિવસીય તાલીમ શરૂ થશે. જેમાં એટીએસ અધિકારીઓએ બ્લાસ્ટ બાદ તપાસમાં શુ શુ મુદ્દાઓ ધ્યાને રાખવા ?, બોમ્બ મળે તો તેને ડીસ્પોઝ કરવા શું કરવું ? સ્ફોટક પદાર્થો કેવા કેવા પ્રકારના હોય ? બ્લાસ્ટ ઈન્જરીના પ્રકારો, સાયન્ટીફીક પુરાવા કેવી રીતે એકત્ર કરવા ? તે સહીતની બાબતોનું તજજ્ઞો દ્વારા જ્ઞાન આપી પ્રેક્ટીકલ અને થિયરીકલ તાલીમ આપવામાં આવશે.

## સર્વ વિદ્યાલય કેમ્પસના સમર કેમ્પ માટે બસની સુવિધા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સે-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આયોજિત સમર કેમ્પનો તા. ૫મી મે થી પ્રારંભ થઈ રહ્યો છે. તે તા. ૯મી મે સુધી ચાલશે. આ સમર કેમ્પમાં જોડાનાર વિદ્યાર્થીઓ માટે બસની સુવિધા પણ ગોઠવવામાં આવી છે. સમર કેમ્પનો સમય સવારે ૭.૩૦ વાગ્યાનો હોઈ બસની સુવિધા લેનાર વિદ્યાર્થીઓએ નિયત પીકઅપ સ્થળે સવારે ૭ વાગે હાજર રહેવાનું આયોજકો દ્વારા જણાવાયું છે.

નિશ્ચિત રૂપ મુજબ બસ વિદ્યાર્થીઓને લેવા આવશે જેથી મોડા પડનાર વિદ્યાર્થીઓ માટે સંસ્થા જવાબદાર રહેશે નહી તેમ અખબારી યાદીમાં જણાવાયું છે. દરેક વિદ્યાર્થીઓએ કેમ્પસના ગેટ નં. ૮ દ્વારા ક્રિએટીવ ઝોન ખાતે સમયસર પહોંચવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘનો અભિવાદન સમારોહ યોજાયો

### સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિને મદદરૂપ થનાર અધિકારીઓ-અગ્રણી નાગરિકોનું સન્માન કરાયું : રાષ્ટ્રપતિ-રાજયપાલ એવોર્ડ વિજેતા સ્કાઉટ-ગાઈડ અને દીર્ઘકાલ સેવાઓ આપનાર કાર્યકરોને પણ સન્માનાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી



(તસવીર : કશ્યપ નિમાવત)

જન્મજયંતિ ઉજવણી વર્ષ નિમિત્તે અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિવાદન સમારોહમાં સ્કાઉટ-ગાઈડ સંઘમાં દીર્ઘકાળ સેવાઓ આપનાર અને સ્કાઉટ-ગાઈડની પ્રવૃત્તિઓના વિકાસમાં સહયોગ આપનાર વ્યકિતઓનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત આ સમારોહમાં જે સ્કાઉટ-ગાઈડે રાષ્ટ્રપતિ કે રાજયપાલ પુરસ્કાર મેળવ્યા છે તેમની સેવાઓને પણ બિરદાવવામાં આવી હતી.

આજે સે-૨૩માં કડી કેમ્પસમાં ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયેલ અભિવાદન સમારોહમાં અધ્યક્ષ પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા તેમજ મુખ્ય મહેમાન પદે ગુડાના ચેરમેન આશિષ દવે ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત આ કાર્યક્રમમાં પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડ તેમજ શિવ ડેવલપર્સના અનિલભાઈ પટેલ સહિત સ્કાઉટ-ગાઈડસંઘના ડિસ્ટ્રીકટ ચીફ કમિશનર મણિભાઈ ચૌધરી, ડીસ્ટ્રીકટ પ્રેસિડેન્ટ ટી.એસ. જોષી, ડિસ્ટ્રીકટ કમિશનર સ્કાઉટ રતીલાલ જોષી, ડિસ્ટ્રીકટ કમિશનર ગાઈડ મણિબેન દેસાઈ, ડિસ્ટ્રીકટ સેક્રેટરી અંજનાબેન ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડની પ્રવૃત્તિઓમાં યશસ્વી યોગદાન આપનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ દીર્ઘકાલ સુધી સેવાઓ આપનાર આચાર્યો વગેરેનું સ્મૃતિ ચિહ્ન દ્વારા સન્માન કરાયું હતું. આ ઉપરાંત સ્કાઉટ ગાઈડની સેવાકીય પ્રવૃત્તિઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનાર વિવિધ સરકારી કે બિનસરકારી હોદ્દેદારો અથવા અગ્રણી નાગરિકો તમામનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

## મૂળનિવાસી સંઘ દ્વારા ભીમ કવ્વાલીનો કાર્યક્રમ

મૂળનિવાસી સંઘ દ્વારા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે તા. ૨-૫-૨૦૧૫ શનિવારે સાંજે ૫-૦૦ કલાકે ડૉ. આંબેડકર હોલ, સે-૧૨ ગાંધીનગર ખાતે કાર્યક્રમ રાખેલ છે. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સાથે ભીમ કવ્વાલીનો કાર્યક્રમ હોવાથી દરેક સભ્યોને તથા નગરજનોને સમયસર ઉપસ્થિત રહેવા મૂળનિવાસી સંઘના પ્રમુખ વિપુલ સામંત દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## કલોલ તાલુકાના લીબોદરા હાઈસ્કૂલમાં સ્વચ્છતા અભિયાન

મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત કલોલ તાલુકાના લીંબોદરા ગામની પીપીઆર શાહ હાઈસ્કૂલમાં સ્વચ્છતા કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતુ. આ અભિયાનમાં શાળાના આચાર્ય તેજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ ધોરણ ૬ થી ૯ ના વિદ્યાર્થીઓએ શાળાના પટાંગણ, પાણીની ટાંકી, ડ્રેનેજ, પ્રાર્થના હોલ તેમજ વર્ગખંડોની સફાઈ હાથ ધરી હતી. આ કાર્યમાં પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના શિક્ષકો પણ જોડાયા હતા.

## આજે સે-૧૪ અંબાજી મંદિરનો આઠમો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સે-૧૪માં અંબાજી મંદર ખાતે તા ૪ થી મે સોમવારે આઠમા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવમાં સવારે ૯.૧૫ કલાકે મહાયજ્ઞ પ્રારંભ કરાશે અને બપોરે ૧૨.૧૫ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે માતાજીના ભજનો અને આનંદના ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સે-૧૪ના અંબાજી મંદિર ખાતે વિક્રમ સંવત ૨૦૭૧ના વૈશાખ સુદ-૧૫ પૂનમે આ આઠમો પાટોત્સવ યોજાશે. સવારે ૯ કલાકે ધ્વજા આરોહણ અને ત્યારબાદ મહાયજ્ઞ પ્રારંભ કરાશે. બપોરે ૧૨.૧૫ કલાકે શ્રીફળ હોમાશે અને ત્યારબાદ પાટોત્સવની પૂર્ણાહુતી આરતી કરાશે. આ પ્રસંગે સુખડી પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મહાયજ્ઞના યજમાન જય અંબે મંદિરના પ્રમુખ રમેશભાઈ ખોડાભાઈ પરમાર તેમજ પાર્વતી માતાજીની મૂર્તિના યજમાન પ્લોટ નં. ૧૬૭/૧ના નિવાસી જયેશભાઈ કે. સોની છે. આ ઉપરાંત પાર્વતી મહાયજ્ઞના યજમાન પ્લોટ નં. ૧૧૭/૧ નિવાસી રમણભાઈ કરશનભાઈ પટેલ છે અને યજ્ઞના આચાર્યપદે સે-૨-એના કરૂણાશંકર નાગર બિરાજમાન થશે. રાત્રે ૮.૩૦ કલાકે માતાજીના ભજનો અને શકિતમંડળના નિમિષાબેન પંડયા દ્વારા આનંદનો ગરબો માતાજીના ચોકમાં યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા નગરના તમામ શ્રધ્ધાળુઓને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જિલ્લામાં કૃષિ મહોત્સવ અંતર્ગત એક કરોડ સાત લાખના ચેક અપાયા

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૨મી એિલ, ૨૦૧૫થી કૃષિ મહોત્સવ ૨૦૧૫નો આરંભ થયો હતો. ૧ મે, ૨૦૧૫ સુધીમાં કૃષિ મહોત્સવ ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૦ જિલ્લા પંચાયતની સીટ પર યોજાયો છે. કૃષિ મહોત્સવ અંતર્ગત અત્યાર સુધી સરકારની વિવિધ યોજના ૫૭૭ લાભાર્થીઓને રૂપિયા ૧, ૦૭, ૬૧, ૬૭૮ના ચેક અને મંજૂરી પત્રો આપવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૫ જિલ્લામાં જિલ્લા પંચાયતની સીટ અનુસાર યોજાઈ રહ્યો છે. જિલ્લા પંચાયતની દરેક સીટ પર બે દિવસ સુધી કૃષિ મહોત્સવ યોજાય છે. જેમાં -થમ દિવસે કૃષિ સંલગ્ન ઉપયોગી માહિતી કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા આપવામાં આવે છે. તેમજ સતત બે દિવસ કૃષિલક્ષી -દર્શન યોજાય છે. ગુજરાત બીજ નિગમ, ગુજરાત એગ્રો જેવી સરકારી અને ખાનગી કંપનીઓ દ્વારા કૃષિમાં ઉપયોગ થઈ શકે તેવા આધુનિક યંત્રો, ટ્રેકટર અને બિયારણ, જંતુનાશક દવાઓ જેવી અન્ય વિવિધ ચીજ વસ્તુઓની માહિતી અને વિતરણ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૨ એિલ, ૨૦૧૫ થી તા. ૧ મે, ૨૦૧૫ સુધીમાં કૃષિ મહોત્સવ જિલ્લા પંચાયતની ૨૦ સીટ ઉપર યોજાઈ ચુક્યો છે. ગાંધીનગર, માણસા, દહેગામ-કલોલ તાલુકાની પાંચ પાંચ જિલ્લા પંચાયતની સીટનો સમાવેશ થાય છે. કૃષિ મહોત્સવ દરમ્યાન યોજાતા -દર્શનમાં ગુજરાત બીજ નિગમના સ્ટોલ પરથી ગુવાર ૪૫૮ કિલો, ડાંગર ૧,૦૨૫ કિલો, મગ ૧૧૪ કિલો, તલ ૯ કિલો અને દિવેલાના ૨૦ કિલો બિયારણનું વિતરણ થયું છે. ગુજરાત એગ્રોના સ્ટોલ પરથી સૂક્ષ્મ તત્વનું ૧,૦૪૦ કિલો, નિંદામણ નાશક દવાનું ૭૩ લિટર, -વાહી જૈવિક ખાતરનું ૧૭૭ લિટર અને જંતુ નાશક દવાનું ૧૭ લિટર વિતરણ થયું છે.



### ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલનું જાહેર સન્માન

ગાંધીનગરના સે. ૭-ડી ખાતે આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળ દ્વારા મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલનો જાહેર સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આદ્યશક્તિ ચોકમાં યોજાયેલ આ સન્માન સમારંભમાં મોટી સંખ્યામાં સે. ૭-ડીના વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કાર્તિકભાઈ પટેલ આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળના સક્રિય કાર્યકર છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૦૮

### તાપમાન

મહત્તમ : ૪૨.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૪૯ ટકા ● સાંજે ૧૪ ટકા

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**

જય હો ડેમોક્રસી : ૯.૪૫

બે યાર : ૧૨.૦૦

ધરમ સંકટ મેં : ૩.૦૦

કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦

એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

મિ.એક્સ : ૫.૧૫

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫

ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

### આપની આજ

**મેષ** : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાથી હાનિ થઈ શકે છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : કાર્યમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

### ચિરવિદાય

- સ્વ. અશોકભાઈ સોમાભાઈ હરિજન (ઉ.વ.૫૫) સેકટર-૧૩, કાચા છાપરા, ગાંધીનગર
- સ્વ. લસીબેન કરશનજી ચૌહાણ (ઉ.વ.૭૬) મુ. દોલારાણા વાસણા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મનુજી હજુરજી ચૌહાણ (ઉ.વ.૪૦) મુ. દોલારાણા વાસણા, તા.જી. ગાંધીનગર